# <u>સાફલ્ય ગાથા</u>

પેસેન્જર ઓટો રીક્ષા

મારૂ નામ સોલકી હરેશકુમાર ગોવિંદભાઇ છે. હું બી/પ સનસીટી રો- હાઉસ વિસનગર લીંક રોડ , મહેસાણામાં રહુ છું. હું પોતે ડ્રાઇવીંગનો જાણકાર હતો અને મારી પાસે ડ્રાઇવીંગ લાયસન્સ પણ હતુ તેના કારણે હું ભાડાની રીક્ષા ચલાવતો હતો. ભાડાની રીક્ષા ચલાવતો હોવાથી મને ગુજરાન ચલાવવામાં ખૂબ મહેનત કરવી પડતી હતી અને ભાડાની રીક્ષા હોવાના કારણે સાંજે બચત પણ આપવી પડતી હતી તેથી મને કશુ જ પોસાતુ હતુ નહિ .

ત્યારબાદ મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ , મહેસાણા દ્વારા સિધાધિરાણની પેસેન્જર વાહનના ધંધા વ્યવસાય માટે પેસેન્જર ઓટો રીક્ષાની લોનની માગણી કરી અને મને આ યોજના હેઠળ રૂા. ૧,૪૦,૦૦૦/-ની લોન મળી. મેં મારા સગાવહાલા જોડેથી લઇને નવી પેસેન્જર ઓટો રીક્ષા ખરીદી. અને મારી પોતાની નવી રીક્ષા હું વસાવી શક્યો અને હું મારા પરિવારનું ગુજરાન પણ સારી રીતે ચલાવી શકુ છું. અને લોનના હપ્તા પણ નિયમિત રીતે ભરી શકુ છું. અને મારૂ પોતાનું એક વાહન ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા આપવામાં આવેલ લોનના કારણે વસાવી શક્યો છું હું જે કંઇ પણ આ સફળતા હાંસલ કરી અને પગભર થયો આના કારણે મારી જિવનશૈલીમાં પણ પરિવર્તન આવ્યુ જેના કારણે હું આ નિગમનો દિલથી આભાર માનું છું.

